# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૬/૬/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## 'આત્મનિર્ભર ભારત : અ વે ફોરવર્ડ ફોર ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ એન્ડ એપેરલ ઇન્ડસ્ટ્રી' વિષય ઉપર વેબીનાર યોજાયો

**સુરત :** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને વઝીર એડવાઇઝર્સ એનસીઆર, ગુડગાંવના સંયુક્ત ઉપક્રમે ગઇકાલે સાંજે ૬:૦૦ કલાકે 'આત્મનિર્ભર ભારત : અ વે ફોરવર્ડ ફોર ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ એન્ડ એપેરલ ઇન્ડસ્ટ્રી' વિષય ઉપર વેબીનાર યોજાયો હતો. જેમાં નિષ્ણાંતો તરીકે પ્રતિભા ગૃપના મેનેજિંગ ડિરેકટર શ્રી પ્રમોદ ચૌધરી, અરવિંદ લિમિટેડના એકઝીકયુટીવ ડિરેકટર શ્રી કુલીન લાલભાઇ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના પોલિએસ્ટર ચેઇનના પ્રેસિડેન્ટ શ્રી આર.ડી. ઉદેશી, ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ગૃપ એકઝીકયુટીવ પ્રેસિડેન્ટ એન્ડ ચીફ માર્કેટીગ ઓફિસર શ્રી રાજીવ ગોપાલ દ્વારા ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને વૈશ્વિક માર્કેટમાં કઇ રીતે લઇ જઇ શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી સૌથી વધારે રોજગાર આપતી ઇન્ડસ્ટ્રી છે ત્યારે આ ઇન્ડસ્ટ્રી માટે આવનારો સમય વધુ સંઘર્ષવાળો રહેવાનો છે. જો કે, આ ઇન્ડસ્ટ્રીને ફરીથી બેઠી કરીને તેને નવી ઉંચાઇ સુધી પહોંચાડવા માટે તેમજ ભવિષ્યના પ્લાનિંગ માટે આજના વેબીનારનું આયોજન કરાયું છે. અત્યારે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી માટે સૌથી મોટો પ્રશ્ન લેબરનો છે. ત્યારબાદ એક્ષ્પોર્ટ સંબંધિત ઇશ્યુ પણ ઉભો જ છે. ભારતને આત્મનિર્ભરતાનું જે સુત્ર અપાયું છે તેમાં કઇ રીતે આગળ વધવુ જોઇએ તે અંગે ઉદ્યોગકારોને તમામ પેનલિસ્ટો તરફથી માર્ગદર્શન મળી રહેશે.

શ્રી પ્રમોદ ચૌધરીએ જણાવ્યુ હતુ કે સુરતમાં પહેલા માત્ર સિન્થેટીક હતુ પણ હવે કોટન, લિનન, નીટેડ, ડેનીમ વિગેરે બધા જ પ્રકારનું કાપડ બને છે. ઘણા ફેબ્રિકસ સુરતમાં બને છે. લિનન માટે સુરત સેન્ટર તરીકે ડેવલપ

થઇ રહયું છે. સુરતમાં બધુ મટિરિયલ ઉપલબ્ધ છે ત્યારે તેમાં વેલ્યુ એડીશન કરીને ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીને સુરતમાં ડેવલપ કરવી પડશે. આત્મનિર્ભર ભારત કોવિડ– ૧૯માંથી બહાર આવવા માટે મહત્વનું સાબિત થશે. સુરતમાં ઉદ્યોગ સાહસિકો વધી ગયા છે. પહેલા સાડી ઉપર ઇન્ડસ્ટ્રી નિર્ભર હતી પણ હવે અપર મિડલ કલાસ સાડીથી દૂર થઇ ગયો છે ત્યારે કોટન પ્રિન્ટની શરૂઆત થઇ ગઇ છે. ફેશનમાં બદલાવ આવ્યો છે ત્યારે સુરતને ગ્લોબલ આઉટલુક આપવાની જરૂર છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, સુરત હવે ટેકનીકલ ટેક્ષ્ટાઇલમાં પણ ડેવલપ થઇ રહયું છે. પીપીઇ કીટને ખૂબ જ ઝડપથી સ્વીકારીને લાખો પીસ સુરતમાં બનાવવામાં આવી રહયાં છે. ગ્લોબલ માર્કેટ સુરતને શોધવા પડશે અને માર્કેટીંગ મજબુત કરી એક્ષ્પોર્ટ ઓરિએન્ટેડ કોન્સેપ્ટ અપનાવવો પડશે. એના માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રોડકટ બનાવવા પડશે, મેન પાવરને ટ્રેઇન કરવા પડશે અને ઓટોમેશન તરફ જવુ પડશે. જ્યાં સુધી આત્મનિર્ભર નહી બનીશું ત્યાં સુધી સ્વદેશી વસ્તુઓ ખરીદી શકીશું નહી. એન્ટી વાયરસ ટેક્ષ્ટાઇલના ઇનોવેશન અને ટેસ્ટીંગ માટે કોઇમ્બતુર જવુ પડે છે. એના માટે સરકારે સુરતમાં પણ સેન્ટર ઉભા કરવા પડશે. અત્યારે સમય ખૂબ જ મુશ્કેલ છે પણ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી માટે ઉભી થયેલી તકો તરફ ધ્યાન આપવું પડશે.

શ્રી આર.ડી. ઉદેશીએ જણાવ્યુ હતુ કે, સુરત ટેક્ષ્ટાઇલ માટેનું હબ છે. સુરતના ઉદ્યોગકારો ઇનોવેટીવ પણ છે. અત્યારે રેડીમેડ ગારમેન્ટ બાંગ્લાદેશથી આયાત કરવામાં આવે છે. તેને બદલે રેડીમેડ ગારમેન્ટ સુરતમાં જ બનાવવામાં આવે તો ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને ઘણો લાભ થઇ શકે તેમ છે. કાપડ ઉત્પાદનમાં ક્રિએટીવિટી, વેરાયટી અને કવોલિટી ઉપર ધ્યાન આપવામાં આવે તો વૈશ્વિક માર્કેટમાં ભારતના એક્ષ્પોર્ટના ૫ ટકા હિસ્સાને ૧૦થી ૧૫ ટકા સુધી લઇ જવા માટેની તક ઉભી છે. ટેક્ષ્ટાઇલના ઉદ્યોગકારોએ આ વિશાળ તકને ગુમાવવી ન જોઇએ.

વધુમાં તેમણે કહયુ હતુ કે, ભારતની જરૂરિયાતને જોતા ટેક્ષ્ટાઇલના વેચાણ માટે ભારતમાં જ મોટું માર્કેટ ઉપલબ્ધ છે. પરંતુ ઉદ્યોગકારોએ ડોમેસ્ટીક માર્કેટ ઉપરાંત એક્ષ્પોર્ટ માટે પણ વિચારવું જોઈએ. ભારતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને સપ્લાય ચેઇનની જરૂરિયાત છે. ઓર્ડર સ્વીકારીને તેને સમયસર ડિલીવરી આપી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરવાની જરૂર છે. લોકડાઉન બાદ હવે રિવર્સ માઇગ્રેશન શરૂ થઇ ગયુ છે. ઇન્ડસ્ટ્રીને જેમ લેબરની જરૂરિયાત છે તેમ લેબરને પણ રોજગાર જોઇએ છે. ઉદ્યોગકારોએ સમગ્ર ઇન્ડસ્ટ્રી માટે તક ઉભી કરવી પડશે.

શ્રી કુલીન લાલભાઇએ જણાવ્યુ હતુ કે, ભારતે કવોલિટીવાળા પ્રોડકટનું ઉત્પાદન કરીને વૈશ્વિક બજારમાં તેના એક્ષ્પોર્ટ માટે વિચારવુ જોઇએ. એના માટે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી માટે વર્લ્ડ કલાસ સપ્લાય ચેઇન ઉભી કરવી પડશે. પ્રોસેસિંગ અને વિવિંગમાં સુરત ખૂબ સારુ છે પણ તેણે અન્ય બાબતો જેવા કે કન્ઝયૂમર સોલ્યુશન, ગ્લોબલ ગારમેન્ટ સોલ્યુશન આપવા પડશે. નવા ઇનોવેશન ઉપર ફોકસ કરવુ પડશે. સિન્થેટીક નીટ્સ – વુવન માટે વિશાળ તક ઉપલબ્ધ છે. કન્વેન્શનલ ટેક્ષ્ટાઇલ, મેડીકલ ટેક્ષ્ટાઇલ અને અન્ય ટેક્ષ્ટાઇલમાં પણ ઘણી તક છે. એના માટે ઇનોવેશન અને સોલ્યુશન ઉપર ભાર આપી માર્કેટીંગમાં રહેલી ઉણપને દૂર કરવી પડશે.

વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે, નાની અને મોટી કંપનીઓ સાથે મળીને કામ કરી શકે છે. ગ્રાહકની જરૂરિયાત પ્રમાણે પ્રોડકટ આપીશુ તો દુનિયાભરમાં ફાવી જઇશું. નવી ટેકનોલોજી અને નવા પ્રોડકશનમાં ઇન્વેસ્ટ કરીશુ તો ગ્રાહકો સામેથી જ આવશે. ભવિષ્યમાં ટકી રહેવા માટે વોટર, વેસ્ટ અને લેબરને કઇ રીતે મેનેજ કરવુ તે વિશે વિચારવુ પડશે. મેન્યુફેકચરીંગ એકસીલન્સ ઉપર ફોકસ કરીશું તો ગ્લોબલ માર્કેટમાં ચાલી જઇશું. ટેક્ષ્ટાઇલમાં સર્વાઇવ કરવા માટે વૈશ્વીક માર્કેટને ધ્યાનમાં રાખીને પ્રોડકટ બનાવવામાં આવશે તો સુરત માટે ઘણી મોટી તક છે.

શ્રી રાજીવ ગોપાલે જણાવ્યુ હતુ કે, ગ્રાહકોને હાઇ કવોલિટી સાથે ઇનોવેટીવ પ્રોડકટ આપવી પડશે કે જે અન્ય દેશો પણ ન આપી શકે. આવુ કરવુ સરળ નથી પણ જો આવુ થાય તો વિદેશી ઇન્વેસ્ટમેન્ટને આપણા દેશમાં લાવી શકીશું. આને કારણે આપણા દેશમાં રોજગારી વધશે. ગ્રાહકો વધશે તો પાછું ઇન્વેસ્ટમેન્ટ પણ વધારવુ પડશે. એકવાર આવી સાયકલ ચાલુ થઇ જાય તો ગ્લોબલ સપ્લાય ચેઇનમાં પ્રવેશી શકીશું. ભારત પાસે કાબિલિયત છે. તેના માટે ઇન્ડસ્ટ્રી અને સરકારે પોતપોતાની ભૂમિકા ભજવવી પડશે. બંનેને ઇમીજીએટ, શોર્ટટર્મ, મિડિયમ અને લોન્ગ ટર્મ માટે વિચારવુ પડશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, કોવિડ– ૧૯માં લોકડાઉનને કારણે માર્કેટની ડિમાન્ડ જતી રહી છે. અત્યારે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી માટે સૌથી મોટો પ્રશ્ન ડિમાન્ડનો છે. ડિમાન્ડ આવશે તો લેબર આવશે અને કામ ચાલુ થઇ શકશે. એપેરલની ડિમાન્ડ ઘણી ઓછી છે પણ ફેસ્ટીવલ સિઝનમાં ડિમાન્ડ ઉભી થશે. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી માટે ડિમાન્ડ ઉભી થતા લગભગ એક વર્ષ લાગી જશે. ઉદ્યોગકારોએ કોન્ફીડન્ટ થઇને પ્રોડકશન શરૂ કરવુ પડશે. મોટા ટેક્ષ્ટાઇલ પાર્ક બનાવવા જોઇએ. એન્વાયરમેન્ટ, સસ્ટેનેબિલિટી, કવોલિટી, ઇનોવેશન તથા મશીનરી એન્ડ લેબર પ્રોડકટીવિટી ઉપર ઘ્યાન આપવુ પડશે. સુરતને માર્કેટીગ સપોર્ટની જરૂર છે. ગ્લોબલ માર્કેટના સંપર્કમાં આવવુ પડશે.

વઝીર એડવાઇઝર્સ પ્રા.લિ.ના જોઇન્ટ મેનેજિંગ ડિરેકટર શ્રી પ્રશાંત અગ્રવાલે વેબીનારનું સંચાલન કર્યુ હતુ. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.